Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૨૩ • તા. ૬ જુન ૨૦૧૬ થી ૧૨ જુન ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર

### વિદ્યાર્થીગૃહનું ગૌરવ

### એચ.એસ.સી. માં ઉત્તિર્ણ વિદ્યાર્થીઓને અભિનંદન :

શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ના એચ.એસ.સી. માં દરેક વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થતા
વિદ્યાર્થીગૃહનું પરિણામ ૧૦૦% આવેલ છે.



મોનિલ ખુશાલ મોમાયા
70%



કરણ પ્રફુલ મોમાયા
69%



પ્રિત મનોજ નાગડા
66%



રાહુલ તિલકચંદ ધુલ્લા
58%





જિતેન ધિરેન નાગડા
55%

ઉત્તિર્ણ થયેલ દરેક વિદ્યાર્થીઓને તેમની સફળતા બદલ
ટ્રસ્ટીઓ, અધિકારીઓ, સ્ટાફ તથા વિદ્યાર્થીગૃહના સર્વે વિદ્યાર્થીઓ તરફથી
**ખૂબ ખૂબ અભિનંદન...**

Estd. 1954

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઈ


## Adventurous Summer Camp-2016

62
Shree KDO Students Association


રાઈફલ શુટીંગ કરતા બાળકો


રેપ્લીંગ


હર્ડલ્સ


વોલ ક્લાઈમીંગ


સ્ટાર ગૅઝીંગ


ટ્રી ક્લાઈમીંગ


રોપ બેલેન્સીંગ


રોપ બેલેન્સીંગ


નેટ ક્લાઈમીંગ


માઈન્ડ ગેમ


લીડરશીપ ગેમ


કેમ્પ ફાયર


કેમ્પના બેસ્ટ ગ્રુપને ઇનામ આપતા પ્રમુખશ્રી તેજસ ખોના


વિદ્યાર્થીસંઘની ટીમ


સમર કેમ્પમાં ભાગ લેનાર બાળકો

K.D.O STUDENTS ASSOCIATION ESTD : 1954

ज्ञातिनी એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઇ

62 Shree KDO Students Association

## Adventurous Summer Camp-2016

શ્રી ક.દ.ઓ.વિદ્યાર્થીસંઘ-મુંબઇ દ્વારા આયોજીત એડવેન્ચર સમર કેમ્પ-૨૦૧૬ શુક્રવાર, તા. ૨૦.૦૫.૨૦૧૬ અને શનિવાર, તા. ૨૧.૦૫.૨૦૧૬ ના બે દિવસીય કેમ્પનું આયોજન કર્જતના નેચરવાડી રીસોર્ટ ખાતે કર્યું હતું. જેનો જ્ઞાતિના ૧૦૨ કિશોરોએ પોતાના આર્થિક સહયોગ સાથે લાભ લીધો હતો.

સહભાગી થનારા બધા માટે રેપલીંગ, રાઇફલ શૂટીંગ, હર્ડલ્સ અને વોલક્લાઇમીંગ જેવા સાહસો તેમજ આકાશ દર્શન, અભિનય, કેમ્પ ફાયર, ગરબા, વ્યાયામ, લીડરશીપ ગેમ, ટ્રેઝર હન્ટ (ખજાનાની શોધ) સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા મનોરંજન સભર કાર્યક્રમોથી આ બે દિવસીય યાદગાર બન્યા હતા. નવી દોસ્તીઓ થઇ હતી. શ્રી ચીમનભાઇ મેઘજી મોતા દ્વારા ૧૦૨ કિશોરોને કેપ ભેટ આપવામાં આવી હતી.

ભાંડુપથી કર્જત વચ્ચેના હરીયાળા-ડુંગરાળ પ્રદેશનો બસ પ્રવાસ એક વધારાના આકર્ષણ હતું. કેમ્પને સફળ બનાવવા માટે પ્રમુખ શ્રી તેજસ ખોનાના નેતૃત્વમાં ઉપપ્રમુખશ્રી ઉર્વેશ છેડા, માનદ્મંત્રી શ્રી હેમિલ દંડ, કોષાધ્યક્ષ શ્રી અર્પણ ખોના, સહમાનદ્મંત્રી શ્રી શુભમ લાપસીયા, કુ. મિત્તલ ધરમશી, સહમાનદ્ કોષાધ્યક્ષ શ્રી અંકિત લોડાયા, કુ. બીના મૈશેરી, કારોબારી સભ્ય કુ. એકતા ઉદયન લોડાયા, શ્રી રિષભ મોતા અને શ્રી જૈનિશ ધરમશી, સંપર્ક સભ્યો શ્રી રિદ્ધિશ પોલડીયા, કુ. લબ્ધી લોડાયા, કુ. સાક્ષી મોતા, કુ. આરૂષી શિયાલ, કુ. જલ્પા મોમાયા, શ્રી દિવેશ લોડાયા, શ્રીમતી કવિતા લોડાયા, શ્રી પ્રિન્સ ધરમશી, કુ. એકતા ભરત લોડાયા, શ્રી પ્રિયંક ડાધા, શ્રી અભય લાપસીયા, શ્રી નીરવ મોતા, શ્રી પરીન મોતા, શ્રી રાજ જીવાણી, શ્રી દેવાંગ નાગડાએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

**લિ. શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ વ્યવસ્થાપક સમિતિ, કાર્યાલય સમિતિ અને સંપર્ક સભ્યો વતીથી**

**શ્રી તેજસ મહેન્દ્ર ખોના (પ્રમુખ) | શ્રી હેમિલ જયેશ દંડ (માનદ્મંત્રી)**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત

**શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા**
**શાળા ફી, પુસ્તક સહાય ફંડ**

**આ ફંડ દ્વારા ભારતભરમાં રહેતા અને ધોરણ કે.જી. થી ધોરણ ૧૦મા અભ્યાસ કરતા કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શાળા ફી-પુસ્તક સહાય અપાય છે.**

**ફૉર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦મી જુન ૨૦૧૬ છે.**

**-: અરજીફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું સ્થળ :-**

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**
**લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૬.**
**ફોન : 022-2510 0157 / 2513 3174**

**ગુરૂવારથી મંગળવાર સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન**
**અરજીફોર્મ Website add : www.kdoedu.in પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.**

**નોંધ : વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીએ અરૂજી કરવી નહીં.**

**-: જ્ઞાનદાન શ્રેષ્ઠદાન :-**

| આદ્યતંત્રીઓ |
|---|
| ''પ્રકાશ'' |
| ડૉ. વેલજી પાસ્વીર ગોસર |
| ''સમીક્ષા'' |
| સનત્ શાહ અને |
| ગોવિંદજી જીવરાજ લોડાયા |
| ''પ્રકાશ સમીક્ષા'' |
| સનત્ શાહ |

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 23/2016**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## કચ્છ હાલારના સ્થાનિક આગેવાનોને કેન્દ્રમાં રાખી ત્યાંના ગામોના દેરાસરોમાં દર મહિને અવર-જવર રહે તેવું કંઈ વિચારવું જોઈએ.

માત્ર કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જ નહીં મૂળે કચ્છ અને હાલારના બધા સમુદાયોની વતન સંબંધે જો કોઈ મોટી સમસ્યા હોય તો તે છે ત્યાંની મિલકતો અને ખાસ કરીને દેરાસરો અને દેવસ્થાનો સાથે જીવંત સંપર્ક કેવી રીતે જાળવવો તથા તેમની સારસંભાળ કેવી રીતે રાખવી.

બધા સમુદાયોના આગેવાનોની બીજી મુશ્કેલી એ છે કે કચ્છ-હાલાર સાથે જીવંત સંપર્ક ધરાવનારા આગેવાનો - કાર્યકર્તાઓની સંખ્યા ઓછી ને ઓછી થઈ રહી છે. આજે દરેક ગામના બે કે ચાર આગેવાન વિશેષ જહેમત લઈને પોતાના કામોથી ગામના કામોને અગત્યના ગણી દર મહિને બે મહિને પોતપોતાને ગામ જાય છે અને ત્યાંની વ્યવસ્થા સંભાળે છે.

આ ક્રમ આવતા પાંચ-દસ વર્ષો પછીય ચાલુ રહે એ જરૂરી છે પણ એ કેમ ચાલુ રહેશે એ સૌને સતાવતો પ્રશ્ન છે.

તાજેતરમાં કચ્છ એકમે જ્ઞાતિ સ્તરીય ક્રિકેટનું વિશેષ આયોજન કરીને પોતે જ્ઞાતિ સ્તરે મોટી ભૂમિકા ભજવવા તૈયાર છે એવા સંકેતો આપ્યા છે. ભૂતકાળમાં જે બન્યું હોય તેને હવે વધુ મહત્વ ન આપીએ એમની તરફ પૂર્વગ્રહિત વલણ રાખવાને બદલે તેઓ કચ્છ એકમના આગેવાનો અને મુંબઈથી વહીવટ સંભાળતા આગેવાનો એકબીજાના સહકાર્યમાં જ્ઞાતિજનોને વતનાભિમુખ કેવી રીતે કરી શકે તે વિચારવું રહ્યું.

આ રીતે હાલાર અને કચ્છના સ્થાનિક તેમજ મુંબઈમાં વસતા જ્ઞાતિ આગેવાનોએ ચાતુર્માસ સિવાય દર મહિને બીજ પછીના રવિવારે એક બે બસ લઈને અબડાસા તેમજ હાલારના જ્ઞાતિના જિનાલયોના ચૈત્યવંદના કરવાનો કાર્યક્રમ રાખે તો અત્યારે છે તેથી વધુ જીવંત સંપર્ક રહે.

આમાં પણ વધુમાં કચ્છના અને હાલારના સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તાઓ પોતપોતાના ગામના આગેવાનો સાથે સંપર્ક વધારી મુંબઈના આગેવાનોને વાતે વાતે કચ્છ અને હાલાર આવવું ન પડે તેવી નાની-મોટી જવાબદારી લે તેય ઈચ્છનીય છે.

જો પર્યુષણના પ્રારંભે કે સમાપને કચ્છ અને હાલારના સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તાઓની પર્યુષણ નિમિત્તે કચ્છ કે હાલારમાં પધારેલા ગામે ગામના આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે સીધી વાતચીત થાય તો જરૂરથી કચ્છ અને હાલાર સાથે સમસ્ત જ્ઞાતિનો સંપર્ક જીવંત રહેવાનો નવા અધ્યાય શરૂ થાય.

## સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણી સંસ્થાઓ, કાર્યકર્તા અને આગેવાનો બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. આમ છતાં, સમાચાર મોકલનારા આ રીતે ટૂંકાવીને પ્રગટ થયેલા સમાચાર આ બાબત ફોન કરી કે પત્ર લખી તેમની મહત્વની વિગતો ન આપાઈ હોવા બદલ નારાજગી દર્શાવી ફરિયાદ-દલીલો કરે છે. આથી સૌને વિનંતી કરવાની છે કે ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ (કેટલીક વખત લાંબી યાદી હોય છે) દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતો ને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

**પ્રશ્ન : ગુરુ પુજન ક્યારે કરાય ?**

ઉત્તર : ગુરુવંદન કરી પછી ગુરુપુજન માંગલિક શ્રવણ કરાય છે. આ બધામાં જેની જે અનુકુળતા હોય તે મુજબ ભક્તિ કરી શકાય છે.

**પ્રશ્ન : ગુરુ પૂજન શેનાથી થઈ શકે ?**

ઉત્તર : શક્તિ અને ભાવ પ્રમાણે ભક્તિ કરવાની છે. સોનાની ગિનીથી, ચાંદીની ગિનીથી અથવા રોકડા રૂપિયાથી ગુરુ પૂજન થઈ શકે છે.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું. ચેક at par મુંબઈ હોવો જોઈએ.


**ક્ષમાયાચના - મિચ્છામિ દુક્કડમ્**

પ્રકાશ સમીક્ષા અંક નં ૨૨માં પાના નં ૩ ઉપર શરતચુકથી શાંતિકળશ (૧૮ અભિષેક) અને વાર્ષિક ચડાવા ''અંગ લુછણના નાં લાભાર્થી માતુશ્રી જયાબેન ચત્રભુજ દંડ પરિવાર માં હસ્તે ગીરીશભાઈ લખાયેલ છે તેના બદલે **શ્રી અનિલભાઈ ચત્રભુજ દંડ** વાંચવું.

**ક્ષમાપાર્થી : સોમ ધરમશી ટ્રસ્ટી શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ - મંજલ રેલડીયા**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ

વસતિપત્રક સમિતિના પ્રવૃતમાન સભ્યો એવં આમંત્રિત સભ્યો તથા નવી નીમાનાર સમિતિના નવા સભ્યોની એક **સંયુક્ત સભા રવિવાર, તા. ૨૬-૬-૨૦૧૬ના બપોરના ૨.૩૦ કલાકે શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજીના ઉપાશ્રયમાં** બીજે માળે યોજવામાં આવેલ છે. **સૌ સભ્યોને આ અગત્યની સભામાં સમયસર હાજર રહેવા વિનંતી છે.**

જ્ઞાતિના પાંચ એકમ એવં મુંબઈ મહાજનશ્રીના પદાધિકારીઓને પોતાના કાર્યક્ષેત્રમાંથી નવી વસતિપત્રક સમિતિ માટે પોતાના સભ્યોની યાદી વિગત સાથે વસતિપત્રક સમિતિના કાર્યાલયે (C/o. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ-૯ના સરનામે) તા. ૧૮-૬-૨૦૧૬ સુધી મોકલી આપવા તેમજ તે સભ્યોને તા. ૨૬-૬-૨૦૧૬ ની સભામાં હાજર રહેવા યાદ દેવડાવવા વિનંતી છે.

લી.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ વતીથી શ્રી છત્રપતિ નરશી દંડ, ગવર્નર**

**પ્રશ્ન : ગુરુ પૂજનના પૈસા કયા ખાતામાં જાય ?**

ઉત્તર : ગુરુ પૂજનના પૈસા સાધુ-સાધ્વીજી વૈયાવચ્ચ ખાતામાં જાય છે. એમાં સાધુ-સાધ્વીજી ભગવંતની સેવા-ભક્તિ થઈ શકે છે. પૂજ્યોના જ્ઞાન અભ્યાસમાં અજૈન પંડિત માટે વાપરી શકાય. વિહાર-બિમારી આદિમાં ઉપયોગમાં લઈ શકાય.

**પ્રશ્ન : સાધુ-સાધ્વીજી ભગવંતના વૈયાવચ્ચમાં બીજા કયા પૈસા વાપરી શકાય ?**

ઉત્તર : સાધુ-સાધ્વીજી ભગવંતના ગુરુપૂજન, કામળી વહોરાવવાના ચઢાવાના પૈસા, તપસ્યાના પારણા પ્રસંગે ગુરુ ભગવંતને પારણા માટે પ્રથમ ગોચરી વહોરાવવાનો લાભનો ચઢાવો, નુતન દીક્ષા વિધિ પ્રસંગે હાલમાં ઉપકરણ વહોરાવવાના ચઢાવા બોલવામાં આવે છે આ બધા ચઢાવાના પૈસા સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખાતામાં જાય છે.

**પ્રશ્ન : જ્ઞાન પૂજન - ગુરુ પૂજનમાં શ્રેષ્ઠ કયું ?**

ઉત્તર : જ્ઞાન પૂજન અને ગુરુ પૂજન બન્ને પોત પોતાના સ્થાને શ્રેષ્ઠ જ છે. બન્નેનો સવિશેષ મહિમા છે. જ્ઞાન ગુરુ માટે પણ પૂજનીય જ છે તેથી ગુરુ પૂજન કરતાં જ્ઞાન પૂજન ચઢી જાય છે. પરંતુ જ્ઞાન પૂજનના પૈસા કેવળ સાધુ-સાધ્વી ઉપયોગમાં લે એવાજ પુસ્તકો છપાવવામાં અથવા જ્ઞાનભંડાર માટે પુસ્તકો વસાવવામાં અથવા સાધુ-સાધ્વીજી ભગવંતને ભણાવતા અજૈન પંડિતોને આપવાના કામમાંજ વાપરી શકાય છે. જ્ઞાનખાતાના પૈસાથી લીધેલી કોઈ ચોપડીનો શ્રાવક માલિક ન બની શકે. ભૂલથી પણ એના ઘરમાં રહિ જાય તો એ મહાદોષનો ભાગીદાર બને છે. ઘણા સંઘોમાં જ્ઞાનખાતાની રકમો એમ જ પડી છે ન વપરાય તો અંતે દેવદ્રવ્યમાં વાપરી શકાય છે. જેવું તેવું સાહિત્ય જ્ઞાન ખાતામાંથી ન જ છપાવી શકાય. આગમિક અથવા વિશિષ્ટ કોટિના ગ્રંથોમાંજ એનો ઉપયોગ થઈ શકે. એ કારણ થી હાલમાં જ્ઞાન પૂજન કરતાં ગુરુ પૂજનનો મહિમા વધતો દેખાય છે.

**પ્રશ્ન : જ્ઞાન પૂજન કેવી રીતે કરાય છે ?**

ઉત્તર : જ્ઞાન પૂજન કરતી વખતે હાથમાં વાસક્ષેપ લઈ. વાસક્ષેપ થી જ્ઞાનનું... ત્યાં રાખેલ ગ્રંથનું પૂજન કરવાનું હોય છે તથા મનમાં ૐ હ્રીં નમો નાણસ્સ એટલે જ્ઞાનને નમસ્કાર થાઓ. એમ બોલવાનું હોય છે. ત્યારે ગુરુ ભગવંત વાસક્ષેપ મસ્તક ઉપર નાંખતાં આશીર્વાદ આપે - **'नित्यारगा पारगा होअ।'** એટલે ભવસાગર થી તમારો નિસ્તાર થાઓ. નમે ભવપાર થાઓ. એ સમયે આપણે **'तहत्ति।'** કહવાનું હોય છે. જેનો અર્થ છે - તમારા કહ્યા પ્રમાણે થાઓ. આપનું વચન સ્વીકારું છું.

**પ્રશ્ન : જ્ઞાન પૂજન સમયે ૐ ह्रीं नमो नाणस्स । કહેવાય તો ગુરુ પુજન સમયે શું બોલવું જોઈએ ?**

ઉત્તર : પૂજ્યપાદ આચાર્ય ભગવંતનું ગુરુપૂજન કરતાં **नमो आयरियाणं ।**

પૂજ્યપાદ ઉપાધ્યાય ભગવંતનું ગુરુપૂજન કરતાં **नमो**


## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - તેરા

**શ્રી તેરા તીર્થે ચાતુર્માસ અને શ્રી પર્યુષણ મહાપર્વ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ**

**શ્રી તેરા, કુવાપધર, લાખણીયા, ધ્રુફ્રી ગામના જ્ઞાતિજનો તથા ચારેય ગામની નિયાણી બહેનો જોગ,**

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન **પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરશ્રીજી મ.સા.**ની આજ્ઞા અને આશીર્વાદથી **પ.પૂ. સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.**ના પ્રશિષ્યા તથા **પ.પૂ. અર્હદકિરણાશ્રીજી મ.સા.**નાં શિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.**નું ચાતુર્માસ તેરા તીર્થને પ્રાપ્ત થયેલ છે.

પૂજ્યશ્રીનો ચાતુર્માસ મંગલ પ્રવેશ અષાઢ સુદ-૬ **રવિવાર, તા. ૧૦-૦૭-૨૦૧૬**ના શુભ દિને થશે. તો આ પાવન પ્રસંગે સર્વે તેરા, કુવાપધર, લાખણીયા તથા ધ્રુફ્રી ગામનાં જ્ઞાતિજનો તથા ચારેય ગામની નિયાણી બહેનોએ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**પર્યુષણ મહાપર્વ તારીખ : ૩૦-૦૮-૨૦૧૬ મંગળવાર**ના પ્રારંભ થાય છે. તો ચાતુર્માસ પ્રવેશ તથા પર્યુષણ મહાપર્વ ઉપરે પધારવા હાર્દિક આમંત્રણ છે.

**નોંધ :** પૂજ્યશ્રીનો ચાતુર્માસ મંગલ પ્રવેશ કે જે પહેલાં તા. ૧૪-૦૭-૨૦૧૬ના હતો **તે હવે તા. ૧૦-૦૭-૨૦૧૬ના જ છે.**

લી. **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - તેરા** તથા
**શ્રી તેકલાધુ જૈન યુવક સંઘ - મુંબઈ**ના જય જીરાવલ્લા - જય શામળીયા..

उवज्झायाणं ।

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતનું ગુરુપૂજન કરતાં **नमो लोए सव्वसाहूणं ।** બોલી શકાય છે. અથવા સહુને માટે એકજ શબ્દ પ્રયોગ કરવો હોય તો **'नुँ ह्रीं गरुदेवाय नमः।'** કહી શકાય છે.

**પ્રશ્ન : સાધુ-સાધ્વીજી ભગવંત વંદન કરતાં એક બીજાને શું કહે ?**

**ઉત્તર** : ગૃહસ્થ સાધુ-સાધ્વીજી ભગવંતને વંદન કરે તો સાધુ-સાધ્વીજી ભગવંત એને ધર્મલાભ ના આશીર્વાદ આપે. પરંતુ પરસ્પર સાધુ-સાધ્વી વડિલોને (વડીલ સાધુ-સાધ્વીજીને) વંદન કરે ત્યારે વડિલ સાધુ-સાધ્વી નાના સાધુ-સાધ્વીજી ભગવંતને **'मत्थेण वंदामि'** કહે છે. કારણ વડિલો જે **'मत्थेण वंदामि'** કહે છે તે નાનાને વંદના નથી પરંતુ સાધુ પદને વંદના કરી એ પદનું ગૌરવ વધારે છે. જિનશાસનમાં વ્યક્તિનું મહત્વ નથી પદનું મહત્વ છે. સાધુપદ અત્યંત મહત્વનું પદ છે એ પદે પહોંચ્યા પછી જ ઉપાધ્યાય - આચાર્ય - કે અરિહંત


|| શ્રી શાંતિનાથાય નમઃ ||     || શ્રી આદિનાથાય નમઃ ||     || શ્રી શિતલનાથાય નમઃ ||

## શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ

**શ્રી સંઘના સર્વે સભ્યોને જય જિનેન્દ્ર !**

જય જિનેન્દ્ર સાથે સહર્ષ જણાવવાનું કે આપણા દેરાસરની અગિવારમી વર્ષગાંઠના ધ્વજારોહણનો પ્રસંગ ખુબજ ભવ્યતાથી ઉજવાયો. આ શુભ પ્રસંગે પધારેલ ગામવાસીઓ, નિયાણી બહેનો, જ્ઞાતિજનો અને આમંત્રિત મહેમાનોનો ખૂબ ખૂબ આભાર. આ પ્રસંગે આયોજીત કરેલ '૩' દિવસીય મહોત્સવના સંપૂર્ણ લાભાર્થી પરિવાર **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર**ની તથા જીવદયામાં તેમજ સર્વ સાધારણ ખાતે આવેલ સુંદર રકમના સર્વે દાતાઓની અંતરથી સંઘ ખૂબ ખૂબ અનુમોદના... અનુમોદના... કરે છે.

### પર્યુષણ પર્વની ઉજવણી

સર્વે ગામવાસીઓ, નિયાણી બહેનો અને જ્ઞાતીજનોને આમંત્રીત કરતા સહર્ષ જાણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ પર્વાધિરાજ પર્યુષણ પર્વને ભક્તિ ભાવથી ભવ્ય રીતે ઉજવવા શ્રાવણ વદ ૧૩ ને **મંગળવાર, તા. ૩૦-૦૮-૨૦૧૬** થી ભાદરવા સુદ-૬ને **બુધવાર તા. ૭-૯-૨૦૧૬** સુધી શ્રી સેવક ભરૂડિયા ગામે જરૂરથી પધારવા સ્નેહભીના આમંત્રણ આપીએ છીએ. આ પ્રસંગે થનાર સર્વ સાધારણ ખર્ચના દૈનિક નકરા નીચે મુજબ રાખેલ છે. જેમાં આપ વ્યક્તિગત અથવા ભાગીદારીમાં નામો લખાવી ને લાભ લઈ શકો છો.

### પર્વમાં દૈનિક નકરા

| | | | |
|---|---|---|---|
| ૧) સવારના નવકારશી | **રૂા. ૪૦૦૦/-** | ૨) બપોરનું જમણ | **રૂા. ૧૦,૦૦૦/-** |
| ૩) બપોરના ચહાપાણી | **રૂા. ૨૦૦૦/-** | ૪) ચોવિહારના | **રૂા. ૭૦૦૦/-** |

આખા દિવસની સાધર્મિક ભક્તિનો કુલ નકરો રૂા. ૨૧૦૦૦/- રહેશે. તેમજ **તા. ૦૭-૦૯-૨૦૧૬**ના ભાદરવા સુદ ૬ના બપોરના સ્વામી વાત્સલ્યનો નકરો રૂા. ૧૨૫૦૦/- રાખવામાં આવેલ છે. તો સાધર્મિક ભક્તિમાં લાભ લઈ **''તમારા પુણ્યનું ભાતુ અવશ્ય બાંધજો''** પર્યુષણ પર્વ દરમ્યાન જે પણ ભાગ્યશાળીને પ્રભાવના અને સાધર્મિક ભક્તિ કરવાની ઈચ્છા હોય તો તેમણે **તા. ૨૫-૦૭-૨૦૧૬** સુધી મુંબઈ કાર્યાલયમાં જાણ કરવી.

આ પ્રસંગે મુંબઈ થી તેમજ બહારગામથી પધારનારા સર્વેની **તા. ૨૯-૮-૨૦૧૬**ના સાંજથી **તા. ૦૭-૦૯-૨૦૧૬**ના બપોર સુધી જમવાની, રહેવાની વ્યવસ્થા સંઘ દ્વારા કરવામાં આવેલ છે. વ્યવસ્થા જાળવવા આપ સૌને મુંબઈ કાર્યાલયે **તા. ૨૫-૦૭-૨૦૧૬** સુધી જાણ કરવા વિનંતી.

**નમ્ર નિવેદન :** શ્રી પર્યુષણ મહાપર્વને સુંદર રીતે... ઊમંગ અને ઉલ્લાસથી ઉજવવા આપ સહુને તન-મન-ધનથી સાથ સહકાર આપવા નમ્ર વિનંતી.

લી. **શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ**

**વતી પ્રમુખ તથા ટ્રસ્ટીગણ**

થવાય છે. આપણે પણ આવા સાધુપદનું ગૌરવ સાચવવા ઉદ્યમસવંત બનીએ.

**પ્રશ્ન : તપસ્વીનું બહુમાન કરવું જોઈએ ?**

ઉત્તર : જિન શાસન 'કરણ, કરાવણ અને અનુમોદન; સરખા ફળ નિપજાવે' આ સૂત્રને માને છે. આપણે કરી ન શકીએ, પરંતુ શુભ કાર્ય કરનારને સહાયક બનીએ, એની અનુમોદના કરીએ તો પણ આપણને સમાન લાભ થાય છે. તપસ્વી બહુમાન એ તપની અનુમોદના છે. એકાંતે લાભકારી છે.

**પ્રશ્ન : સંઘપૂજન કેવી રીતે કરાય ?**

ઉત્તર : સંઘપૂજન એ સાધર્મિકનું પૂજન છે. સાધર્મિકનું પૂજન અંગૂઠાથી બહુમાનપૂર્વક તિલક કરી જય જિનેન્દ્ર કે પ્રણામ કહી એમને જે દ્રવ્ય (પ્રભાવના) આપવી હોય એ આપીને થાય છે. તિલક કંકુનું અથવા કેસર અને બાદલાનું કરી શકાય છે. કેસરનું વધારે યોગ્ય છે.

**પ્રશ્ન : ગુરુ ભગવંતના પગલા કરાવવા હોય તો કેવી રીતે કરાવી શકાય ?**

ઉત્તર : ગુરુ ભગવંત જ્યારે ઘરે પધારે ત્યારે પગલા કરાવવા હોય તો કરાવી શકાય છે. કંકુ અને કેસર બન્ને દ્વારા પગલા કરાવવાનો વ્યવહાર ચાલે છે. પરંતુ કેસરના પગલા વધારે યોગ્ય લાગે છે. મર્યાદિત ગરમ પાણીમાં કેસર કે કંકુ પલાળી થાળીમાં રાખી શકાય. પગલા માટે શ્વેત વસ્ત્ર પાટલા ઉપર રાખી એના ઉપર પગલા કરાવી એમજ રાખવું. સુકાઈ જાય પછી એના ઉપર નામ-તારીખાદિ આપણી સ્મૃતિ માટે રાખી શકાય. પગલાના વસ્ત્રની ફ્રેમ પણ કરાવી શકાય અને એમજ કબાટમાં પણ રાખી શકાય છે.

**પ્રશ્ન : ગુરુ ભગવંત ગોચરી માટે આવે ત્યારે શું કહેવાય ?**

ઉત્તર : ગુરુ ભગવંત ગોચરી વહોરવા આવે ત્યારે 'પધારો સાહેબજી!' અથવા 'લાભ દો સાહેબજી!'એમ કહી શકાય છે.

**પ્રશ્ન : ગુરુ ભગવંત ગોચરી વહોરી પાછા ફરે ત્યારે શું કહેવાય?**

ઉત્તર : ગુરુ ભગવંત ગોચરી વહોરી પાછા ફરે ત્યારે 'પધારજો' 'ફરી ફરી લાભ દેશોજી!' એમ કહી શકાય.

**પ્રશ્ન : પ્રતિક્રમણ પછી ગુરુ ભગવંત પાસેથી રજા લઈએ ત્યારે કઈ વંદના કરાય?**

ઉત્તર : ગુરુ માર્ગમાં કે અન્યત્ર ક્યાંય મળે તો **મત્થેણ વંદામિ** કરાય. ઉપાશ્રયમાં પોતાના સ્થાને - આસને બેઠા હોય ત્યારે વિધિ પૂર્વક અબ્ભુટ્ઠીયાના પાઠથી વંદના કરાય છે. પરંતુ હવે આજે આપણે મળવાના નથી અથવા પ્રતિક્રમણ કરી રાતે ઘરે જઈએ ત્યારે 'ત્રિકાળ વંદના' કહેવાય છે. સવાર - બપોર - સાંજની મળીને ત્રણે કાળની વંદના કરવી જોઈએ.

**પ્રશ્ન : પચ્ચક્ખાણ કેટલીવાર લેવું જોઈએ ?**

ઉત્તર : પચ્ચક્ખાણ ત્રણ રીતે લેવાય - ૧) રાઈ પ્રતિક્રમણમાં આત્મસાક્ષીએ, ૨) દેરાસરમાં દેવસાક્ષીએ, ૩) ઉપાશ્રય કે વ્યાખ્યાનમાં ગુરુમુખે અથવા ગુરુસાક્ષીએ.


TIDY FROG
Services Simplified

Starting pre-launch Bookings

At an un-matching price - Book your service today

**Annual AC Cleaning Service**
**(launching on 26th January 2016)**

**Full Service includes:**
• 3 Dry Service
• 1 Wet Service
• 2 on call visit

@ ₹630/- only

**Mini Service includes:**
• 1 Dry Service
• 1 Wet Service
• 1 on call visit

@ ₹400/- only

*service tax extra

LIMITED PERIOD OFFER

Download the APP from play store

TidyFrog

Give a missed call on

9769 129 129

### શોભે સુથરીના સૌભાગ્યંતા

સુથરી મહાતીર્થના ૧૭૭મી ધર્મધ્વજાએ એ તીરથના ‘‘સામાજીક ધજા’’ સમા સંખ્યાબંધ શ્રમણો, શ્રાવકો, શ્રેષ્ઠીઓ, કાર્યકરો એવા ગામવાસીઓને કવિશ્રી રશ્મીન ખોનાએ ક્રમવાર યાદ કરી કચ્છી ભાષામાં ૮૪ કડીએ અલંકૃત કર્યા છે. ખરે જ અનુમોદનીય, ભાવાંજલિ. ધન્યવાદ.

ટ્રસ્ટીશ્રીઓ આ કૃતિને મોટા અક્ષરે કાયમ સંભારણાએ ક્યાંક સ્થાન આપે તો ઠીક રહેશે.

**– લહેરચંદ વેલજી મૈશેરી, ભાંડુપ**

### કસાયેલ કચ્છી કવિજો કસબા

‘શોંભે સુથરીજા સૌભાગ્યવંતા’ વાંચી ખુશી થઈ. સુથરી સાસરીયું ગામ અને પુણ્યશ્લોક માતુશ્રી ભચીબાઈ કુંવરજી વેલજી ધરમશી મારા સાસરીયા. અંત પહેલાની કડીમાં મારા લઘુ શાળાભાઈ સ્વ. મુકેશ કુંવરજી ધરમશીની સુથરી પાંજારાપોળના ફંડફાળા અંગેની ભારે જહેમતની ઉલ્લેખ વાંચી ગદ્‌ગદ્‌ થયા વિના રહેવાયું નહીં. રચયિતા રશ્મિન ખોનાએ ચીવટપૂર્વક સૌને ગુંથી લીધા છે, તેમના બારીકાઈ ભર્યા વલણને દાદ દેવી ઘટે.

**– કાંતીલાલ કેશવજી મોતા,** મુલુંડ


## સુથરી મહાતીર્થજો મહોત્સવ....

**ભવ્યાતી ભવ્ય ઉજવાઈવ્યોઘૃતકલ્લોલ દાદાજો ૧૭૫ વરેજો**

**મહા-મહોત્સવ તા. ૫-૫-૧૬ થી તા. ૧૫-૫-૨૦૧૬ સુધી**

સુથરીમેં ઘૃતકલ્લોલ દાદાજો શરૂ થ્યો સહિરક શતાબ્દિ મહોત્સવ
સુથરી વારેં તન-મન-ધનથી ભારે ધામ ધૂમથી ઉજવ્યો હી મહોત્સવ.
વિશાલ પંડિતજી વિધિ વિધાન સે, પ્યો ધર્મર્જો પાવન પ્રકાશ
સુથરીતાં ધમધમી ઉઠઈને, ગુંજી ઉઠ્યો સુથરીજો આકાશ
ગણિવર્ય મહોદય સાગરજીને, સાધુ-સાધ્વીએંજી નિશ્રા પાવનકાર
ગામવારેંજી ખુશીજો પાર નર્યો, ને ઓચ્છવ થ્યો જોરધાર
સહિરક શાતાબ્દિ મહોત્સવ સેં ઘૃતકલ્લોલ દાદા થ્યા પ્રસન્ન
પ્રગટ પ્રભાવી પારસનાથ કે ન્યારે, મિણીજા તન મન થ્યા પાવન
૧૭૭ વરેજો જોન્નુ દેરો, ઈતિહાસચેં સુથરી વારાતાં નરવંકા
સહિરક શતાબ્દિ મહોત્સવ, ઉજવીને વજાયાં દાદાજા ડંકા
ઈ અગિયારેં ડીયેંજો, મહોત્સવ મિણીકે વ્યો ગમી
પૂર્ણાહુતી ત એળી પ્યારી, જે અખિંયેંમેં અમીઝરણે જા અમી
ધન્ય ધન્ય સુથરીજે ઉની ભાવિકેંકે, જે ધિલસેં ખરચ્યાં નાણું
રશ્મિન ચેં સદા સંભરધો રોંધો, હી ઓચ્છવજો સોનેરી ટાણું

**-રશ્મિન ખોના (મુંબઈ)**




।। શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ- ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો નમ:।।

।। શ્રી ચંદ્રપ્રભ સ્વામિને નમ: ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલિયા

**નલિયા ગામ વાસીઓ તથા ગામના વાડા રામપર, છાડુરા, વડસર, સુખપર**

ધર્મશાળા ફલિયા, નલિયા, તા. અબડાસા, કચ્છ પીન - ૩૭૦ ૬૫૫.




**સહર્ષ જણાવવાનું**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલિયા તીર્થની વિનંતીને માન આપી ચાતુર્માસ અર્થે પધારનાર પૂજ્યશ્રીઓ

રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય દેવ
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**ની દિવ્યકૃપાએ તેઓશ્રીના પ્રતાપી પટ્ટધર સ્વર્ણિમ સુવર્ણ
વર્ષીતપના આરાધક અચલગચ્છાધિપતિ **પ.પૂ. જૈનાચાર્ય શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**
ના આજ્ઞાવર્તિ સાહિત્યરત્ન **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્યરત્ન
બંધુ બેલડી **પ.પૂ. મુનિરાજશ્રી પુણ્યોદયસાગરજી મ.સા.(તકડા મહારાજ સાહેબ)**
**પ.પૂ. મુનિરાજશ્રી અનંતરત્નસાગરજી મ.સા. ઠાણા ૨**
**વિ.સં. ૨૦૭૨ આષાઢ સુદ ૧૦ ગુરૂવાર, તા. ૧૪-૦૭-૨૦૧૬**ના પાવન દિવસે ચાતુર્માસ પ્રવેશ કરશે.
આ પ્રસંગે દેશ દેશાવરમાં રહેનારા સૌ ગામવાસીઓને પધારવા ભાવભર્યું આમંત્રણ....
તથા પર્વાધિરાજ **પર્યુષણ મહાપર્વ તા. ૩૦-૮-૨૦૧૬ થી તા. ૬-૯-૨૦૧૬** સુધી પર્વની આરાધના કરવા
સર્વે ગામવાસીઓને તથા નિયાણી બહેનો સહકુટુંબ પધારવા ભાવભર્યુ આમંત્રણ...

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલિયા**

**મુલચંદ પદમશી મોતા (પ્રમુખ) ● ટ્રસ્ટી ગણ ● પીનાકીન જેઠાભાઈ છેડા (માનદ્‌ મંત્રી)**

UPASANA - 9820167767

।। શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ- ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો નમઃ।।

।। શ્રી ચંદ્રપ્રભ સ્વામિને નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન–નલીયા
# શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ – નલીયા

ધર્મશાળા ફલિયા, નલિયા, તા. અબડાસા, કચ્છ પીન – ૩૭૦ ૬૫૫.

## આયોજીત





## શ્રી કચ્છ નલીયા નગરે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે
## સહિરક શતાબ્દિ વર્ષે - ધ્વજારોહણ પ્રસંગે
## પરમાત્મભકિત સ્વરૂપ પંચાન્હિકા મહોત્સવ ચડાવા નિમિત્તે

# આમંત્રણમ્

**આદરણીય શ્રી નલીયા ગામવાસીઓ તથા તેના વાડા છાડુરા, સુખપર, વડસર, રામપર તથા નલીયાગામની નીયાણી બહેનો સહકુટુંબ તથા સ્વજનો, સાધર્મિક બંધુઓ...**

**પ્રણામ !**

## પંચાન્હિકા મહોત્સવની આ છે મોંઘેરી ક્ષણો...

| | |
|---|---|
| માગસર વદ ૧૩ સોમવાર, તા. ૨૬-૧૨-૨૦૧૬ | : કુંભ સ્થાપના, દિપક સ્થાપના, જ્વારા રોપણ, દશદિક્પાલ, નવ ગૃહ, અષ્ટમંગલ (પાટલા પૂજન) |
| માગસર વદ ૧૪ મંગળવાર, તા. ૨૭-૧૨-૨૦૧૬ | : રથયાત્રા અને સિધ્ધચક્ર મહાપૂજન |
| માગસર વદ ૩૦ બુધવાર, તા. ૨૮-૧૨-૨૦૧૬ | : ભક્તામર મહાપૂજન |
| પોષ સુદ ૧ ગુરૂવાર, તા. ૨૯-૧૨-૨૦૧૬ | : ધ્વજારોહણ તથા ગૌતમ સ્વામી મહાપૂજન |
| પોષ સુદ ૨ શુક્રવાર, તા. ૩૦-૧૨-૨૦૧૬ | : દ્વાર ઉદ્‌ઘાટન તથા લઘુશાંતી સ્નાત્ર પૂજન તથા રથયાત્રા – કુમારપાળ મહારાજા નગરશેઠ શાલિભદ્રની પેટી તથા પાંચ મહાન દિવસોના સાધર્મિક ભક્તિના તથા પંચાન્હિકા મહોત્સવ નિમિત્તે અન્ય ચડાવા રહેશે. |

## નલીયા ગામની અન્ય સંસ્થાઓના સાથ અને સહકાર સાથે આ પંચાન્હિકા મહોત્સવનું આયોજન કરેલ છે.

**: તારીખ :**
રવિવાર, ૦૭-૦૮-૨૦૧૬
**: સમય :**
સવારના ૯ થી બપોરે ૨ વાગ્યા સુધી

**: ચડાવાનો શુભ સ્થળ :**
ક્રીસ્ટલ હોલ, ટીપટોપ પ્લાઝા,
૧લે માળે, થાણા (વેસ્ટ)

**: નવકારશી :**
સવારે ૮.૩૦ થી ૯.૩૦
**: સાધર્મિક ભક્તિ :**
બપોરે ૧.૦૦ થી ૨.૦૦

# ચડાવાનો માહોલ સર્જવા

જૈન સંઘોના જાણીતા - માનીતા - જિનાજ્ઞા - ગુર્વાજ્ઞા પાલક - શુધ્ધ અને શાસ્ત્રોક્ત
વિધિકાર - દેશ - પરદેશમાં જેઓ પ્રખ્યાતીને પામેલ છે એવા નવકારમંત્રનાં આરાધક...
સળંગ વર્ષીતપના સાધક સુશ્રાવક નરેન્દ્રભાઈ નંદુ... તથા
ચિ. કૈવન્ન - જય અને મેઘ નંદુ (બંધુત્રીપુટી) સંગીતની સરગમે અને
શબ્દ શક્તિનાં પડઘમે સફળતાનો જયનાદ કરાવશે.
તમારી હૈયાની ડાયરીમાં નોંધી લેજો ને પધારજો.....

## : વિનંતી :

**ચડાવાનાં આ ધન્ય અવસરે સમસ્ત ગ્રામવાસીઓ...**
**નિયાણીબેનોને સહકુટુંબ પધારી**
**કચ્છ – ગચ્છ – શાસનશાન વધારવા ભાવભર્યું આમંત્રણ...**
**અતીતનો અરીસો... સ્મૃતિનો એ વારસો**
**શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલય પ્રતિષ્ઠા**
**સ. ૧૮૯૭ મહાસુદ ૫ વસંતપંચમી**
**જિનાલયનો ૧૭૬માં વર્ષ પ્રવેશ..**
**દર્શન કરી પ્રાપ્ત થશે હર્ષ...**
**ચંદ્રપ્રભસ્વામિની હાકલ આવી છે**
**૧૭૬ ધજા લહેરાવવાનો અવસર લાવી છે.**
**નલીયાવાસીનાં અંતરે મનભાવી છે.**
**જ્ઞાતિશિરોમણી શેઠશ્રી નરશીનાથાની સ્મૃતિને સરખાવી છે.**
**તન–મન–ધનથી સૌએ વધાવી છે**
**તો ચાલો ! નલીનપુરવાસીઓ ! માદરે વતનનાં મીઠા મેળાવડે**
**ચંદ્રપ્રભસ્વામિનાં દ્વારે જયકીર્તિનાં તોરણ બાંધીએ**
**પ્રસંગનો પુષ્પ એવું ખીલવીએ**
**કે જેની સુવાસ દ્વિશતાબ્દિ સુધી અમર રહે**
**જય હો ચંદ્રપ્રભસ્વામિ ભગવાનનો....**

**–: પ્રસંગ રંગ આયોજક :–**

**લિ. શ્રી ક.દ. ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન નલીયા**
**અને શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ નલીયા વતી**
**ટ્રસ્ટી ગણ**

UPASANA - 9820167767

## વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

મહેશ્વરી જાતિ અને જૈન ધર્મને ગાઢ સંબંધ છે, કારણ મહેશ્વરી જાતિના પૂર્વજો જૈન ધર્મને માનતા હતા. વહીવંચાની કથા મુજબ ખંડેલા નગરમાં સૂર્યવંશી ચૌહાણ શાખાનો ખડગલસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. ખૂબ જ સારો રાજવી, પ્રજામાં સારો આદર ધરાવતો હતો. તે નિઃસંતાન હોવાથી બ્રાહ્મણ પંડિતોએ રાજાને શિવની આરાધના કરવાનું કહ્યું. થોડા સમય બાદ રાજાની પાંચમી રાણીથી પુત્રની પ્રાપ્તિ થઈ. નામ રાખ્યું સુજાણ કુંવર.

થોડા વરસો બાદ સુજાણ કુમાર જૈન ધર્મથી પ્રભાવિત થઈ જૈન ધર્મનો પ્રચાર કરવા લાગ્યો. હિંદુ ધર્મમાં થતા યજ્ઞો, બલી, હિંસાનો ખૂબ જ વિરોધી. એક વખત સુજાણ પોતાના ૭૨ ઉમરાવો લઈ ક્યાક જઈ રહ્યો હતો. રસ્તામાં તેને સાધુ મહાત્મા યજ્ઞ કરી રહ્યા છે તેવા સમાચાર મળતા ત્યાં જઈ યજ્ઞને નષ્ટ કરાવ્યો. આથી યજ્ઞ કરી રહેલા ઋષીઓ ખુબ જ નારાજ અને શ્રાપ આપ્યો જેથી સુજાણ અને તેના ૭૨ ઉમરાવો પાષાણવત્ બની ગયા. એ જમાનામાં સ્તંભન વિદ્યાના જાણકાર હતા જે માનવીને સ્થંભિત કરી નાખતા. સમાચાર મળતા સુજાણના પિતા ખડગલસેન ખૂબ દુઃખી થયા અને દુઃખમાં અવસાન પામ્યો.

સુજાણ કુમારની પત્ની ચંદ્રાવતીએ અન્ય ૭૨ રજપૂત ઉમરાવની પત્નીઓ સાથે ઋષિઓ પાસે જઈ તેમની માફી માંગી, તેમના પતિઓને જીવિત કરવાની વિનંતી કરી. ઋષિઓએ તેને શિવ અને પાર્વતીની આરાધના કરવાનું કહ્યું. તેમ કરતા રાજકુમાર અને તેના ઉમરાવો જીવિત થયા. ઋષિએ તેમના હથિયારો છોડી વૈશ્ય ધર્મ પાળવાનું કહ્યું અને તેઓની અલગ જ્ઞાતિ બનાવી. શિવના અન્ય નામ મહેશ્વર ઉપરથી મહેશ્વરી રાખવાનું સુચવ્યું. બૌતેર ઉમરાવ પરથી મહેશ્વરની ૭૨ શાખાઓ થઈ.

આ ૭૨ ઉમરાવોની ૭૨ માહેશ્વરી જાતિ બની. ૧) સોની, ૨) સોમણી, ૩) જાખેડ્યા, ૪) સોઢાણી, ૫) દુરકટ, ૬) ન્યાતિ, ૭) હેડા, ૮) કરવા, ૯) કાકાણી, ૧૦) માલુ, ૧૧) સારડા, ૧૨) કહાલ્યા, ૧૩) ગિલડા, ૧૪) આજુ, ૧૫) બાહેતી, ૧૬) વિદાદા, ૧૭) વિહાણી, ૧૮) વજાજૂ, ૧૯) કલંત્રી, ૨૦) કાસડ, ૨૧) કચૌલ્પા, ૨૨) કાહલાણી, ૨૩) ભળર, ૨૪) કાબરા, ૨૫) ડાડા, ૨૬) ડાગા, ૨૭) ગઢાણી, ૨૮) રાહી, ૨૯) બિડલા, ૩૦) દરક, ૩૧) નૌસણીવાલ, ૩૨) અજમેરા, ૩૩) ભંડારી, ૩૪) છપરવાલ, ૩૫) ખોજે, ૩૬) ભટડા, ૩૭) ભૂતડા,


|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ || || શ્રી રામદેવપીર નમઃ ||

|| શ્રી અંબે માતાય નમઃ || || શ્રી ક્ષેત્રપાલ દાદાય નમઃ ||



## 卐 શ્રી અંબેમાઁ ધરમશી પરિવાર 卐

**સ્થાન : સુથરી તીર્થ, તા. અબડાસા, જી. કચ્છ - ૩૭૦ ૪૯૦.**

- **શ્રી અંબેમાં ધરમશી પરિવાર સુથરીની સર્વ સાધારણ સભા રવિવાર તા. ૨૬.૬.૨૦૧૬ના બપોરે ૪.૦૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવપુંજ), વાલજી લધા રોડ, મુલુન્ડ (વેસ્ટ) મધ્યે રાખેલ છે. તો દરેક ભાવિકોએ સમયસર પધારવા નમ્ર વિનંતી.**
- **શ્રી સુથરી નગરે શ્રી ધરમશી પરિવારના કુળદેવી શ્રી અંબેમાંની સતરમી વર્ષગાંઠ તા. ૧૧.૧૧.૨૦૧૬ થી તા. ૧૪.૧૧.૨૦૧૬ સુધી ઉજવવામાં આવશે. તો સર્વે ભાવિકો તથા નિયાણી બહેનો સહપરિવાર સહિત કચ્છ જવા તા. ૯.૧૧.૨૦૧૬ તથા મુંબઈ આવવા તા. ૧૫.૧૧.૨૦૧૬ની ટીકીટ કઢાવી લેશોજી. ટીકીટો ૧૨૦ દિવસ (ચાર મહિના) પહેલા બુક કરાવી લેશોજી.**
- **આપણા પરિવારના ભાવિકોમાંથી વર્ષગાંઠ નિમિત્તે આવવા ઈચ્છતા હોય પણ સંજોગોના કારણે આવી શકતા ન હોય તો ટીકીટ પોતાની રીતે કઢાવી લેવી એની ઝેરોક્સ કોપી આપી, વ્યક્તિ દીઠ રૂા. ૧૨૦૦ (એકે બારસો) મેળવી લેશોજી.**

**સંપર્ક : પંકજ જવેરચંદ ધરમશી - ૯૮૨૦૫ ૧૭૮૨૯ • હીરેન લખમશી ધરમશી - ૯૮૧૯૬ ૫૫૨૫૪**

**લી. શ્રી અંબેમાઁ ધરમશી પરિવારના જય માતાજી**

૩૮) ખંગરૂ, ૩૮) અટ્ટલ, ૩૯) ઈદાણી, ૪૦) ભૂરાડ્યા, ૪૧) ભણસાલી, ૪૨) લઢા, ૪૩) માલપાણી, ૪૪) સિકચી, ૪૫) લાહૌટી, ૪૬) ગદઈયા, ૪૭) ગગુરાણી, ૪૮) ખટખડા, ૪૯) લખોટિયા, ૫૦) આસળા, ૫૧) ચેચાણી, ૫૨) મુણઘણ્યા, ૫૩) મુંદડા, ૫૪) ચૌખડા, ૫૫) ચંડક, ૫૬) બલદવા, ૫૭) બાલદી, ૫૮) બુવ, ૫૯) બાંગડા, ૬૦) મંડોપરા, ૬૧) તૌતલા, ૬૨) આગીવાલ, ૬૩) આગસોડ, ૬૪) પ્રતાણી, ૬૫) નાહૂદર, ૬૬) નવલ, ૬૭) પચૌડા, ૬૮) તાપડિયા, ૬૯) મિણીયાર, ૭૦) ધૂન, ૭૧) ધૂપડ, ૭૨) મોધણી.

આગળ જતાં તેની અનેક પ્રશાખાઓ થઈ. વૈશ્ય થયા પરંતુ ધર્મ હિન્દુ હતો અને વ્યાપારને કારણે અનેક વિસ્તારમાં ફેલાયા. તેમજ આમાંથી ઘણાઓએ જૈન ધર્મ સ્વીકાર્યો.

''માહેશ્વરી કલ્પદ્રુમ''ના લેખ શિવકરણજી દરક અનુસાર ઉક્ત ઐતિહાસિક ઘટના ૮મી થી ૧૦મી શતાબ્દીમાં ઘટી હશે. વિક્રમની ૧૨મી સદી તેમજ તે પછી માહેશ્વરી જાતિના અનેક ગોત્રો જૈનધર્મ માનવાવાળા ક્ષત્રિયોમાંથી મહાજન બનેલી મુખ્ય જાતિ ઓસવાલમાં ભળ્યા. અન્ય ઈતિહાસકારો શ્રી અગરચંદજી નાહટા પણ એવો જ મત ધરાવે છે.

ખંડેલા સંમેલનમાં વૈશ્યકર્મીઓની ૧૨ નાત મળેલ તેમાં મહેશ્વરી ગોત્રનો ઉલ્લેખ છે. ખંડેલાથી જે લોકો ડીડવાણા વસ્યા તેઓ ડીડૂ મહેશ્વરી તરીકે ઓળખાયા. મુનિ જિનવિજયજી નોંધે છે કે એ સમયે અનેક પ્રતિષ્ઠિત કુટુંબોમાં જૈન તેમજ શૈવ બન્ને ધર્મો પાળવામાં આવતા હતા. બન્ને જાતિઓમાં પેઢીઓ સુધી આવાગમન ચાલતું રહેલું.

ગેજેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસીડન્સી (વિભાગ ૫) મુજબ માહેશ્વર વૈશ્યો લગભગ આજથી ૫૫૦ વર્ષ પૂર્વે થરના નાગોર નામના નગરમાંથી આવ્યા હતા. ધીમે ધીમે અબડાસામાં વિસ્તર્યા.

અન્ય એક નોંધ મુજબ અંગીરા ગોત્રમાં ધાધલ વંશમાં કરાડ મૈશેરી થયા. ગોત્ર દેવીનું નામ હતું સાવિત્રી.

શ્રી જેઠાભાઈ દેવજી નાગડાની નોંધ મુજબ માહેશ્વર (મૈશેરી) કોઈ ગોત્ર નથી પરંતુ ઓસવાલની માફક એક અલગ જ્ઞાતિનું નામ છે.

ટ્રાઈબ્સ એન્ડ કાસ્ટ ઓફ બોમ્બેના ત્રીજા વોલ્યુમમાં આ જ્ઞાતિ બાબત નોંધ છે તે મુજબ કરાડ વાણિયા મુખ્યત્ત્વે કચ્છમાં છે તેનો મૂળ વસવાટ મારવાડ તજી ગુજરાત – કચ્છ – કાઠિયાવાડમાં આવી વસ્યા છે. તેઓ પોતાની ઉત્પતિ અજા અને અણગોર નામના બે મૈશેરી વાણિયા થી ગણે છે જેમણે લાખા ફુલાણી (કચ્છના પ્રસિધ્ધ રાજવી) ના પિતા ફુલને આસરો આપી બચાવેલ. ફુલ આગળ જતા રાજા બનતા આ બંધુ બેલડીને કચ્છમાં આશ્રય આપેલ. પાછળથી આ બે બંધુની તેમના જ્ઞાતિ ભાઈઓ વચ્ચે તકરાર થતાં તેઓની વચ્ચે થયેલ કરારનો ભંગ કરી પોતાની અલગ જાતિ ઊભી કરી. કરાર

## ડાઘા તથા નાગડા પરિવારનું ગૌરવ



**ચિ. ગુલશન અભય ડાઘા,** મલકાપુર (વરાડીયા)


**ચિ. ગુલશન** H.S.C. પરિક્ષામાં 85% મેળવી ઉત્તીર્ણ થયેલ છે. ચિ. ગુલશન એમજ ભાવી જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એજ **હાર્દિક શુભેચ્છા....**

-: શુભેચ્છક :-

દાદા-દાદી : **વિમલાબેન ઠાકરસી પીતાંબર ડાઘા** (મલકાપુર)
નાના-નાની : **લક્ષ્મીબેન ટોકરશી ભવાનજી નાગડા** (શિરપુર)
મમ્મી-પાપા : **સૌ. લિના અભય ઠાકરસી ડાઘા** (મલકાપુર)
ફુઈ-ફુઆ : **સૌ. અનિતા રાજેંદ્ર રાયચંદ ખોના** (ઘાટકોપર)
મા-બાપા : **સૌ. શોભના અજય ઠાકરસી ડાઘા** (ડોંબીવલી)
કાકી-કાકા : **સૌ. જલ્પા અરૂણ ઠાકરસી ડાઘા** (મલકાપુર)
**તથા સમસ્ત ડાઘા પરિવાર,** મલકાપુર (કચ્છ-વરાડીયા)





રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


પરથી કરાડ જ્ઞાતિની ઉત્પતિ થઈ એમ કહેવાય છે. વહીવંચાની નોંધમાં અજાનો મૈશેરી પરિવાર સિંધોડી, લાલા તથા કોઠારે છે તેવો ઉલ્લેખ છે. કરાડ વાણિયાની ૧) બારડ, ૨) ધ્રોળ, ૩) ખોંભડિયા (ખોંભડા), ૪) કુરૂવા, ૫) માડણ, ૬) રાપડીયા, ૭) વીટરીયા વિગેરે શાખાઓ છે.

મૈશેરી કુટુંબ બાબત બાંઢીયાના વીરજી ગંગાજર મૈશેરી (માહેશ્વર) પોતાના પુસ્તક ''હિલોળાં''માં નોંધે છે કે મૈશેરી કુટુંબ મુળે મારવાડ રાજપુતાના તરફનું. જ્યારે થરપારકરના હિન્દુ રાજકર્તાઓના અન્યાયો, અત્યાચારો અસહ્ય થઈ પડ્યા ત્યારે થરપારકરથી સિંધ ગયા. સિંધમાં મુસ્લીમ સત્તા બિરાજમાન થતા આ દેશમાં પણ શાંતિ તથા સુખનો સાક્ષાત્કાર ન થતા બીજી હિન્દુ જાતિઓ સાથે પ્રયાણ કરી કચ્છમાં આવી અબડાસાના બાંઢીયા ગામે વસ્યા.

મૈશેરી, મેશ્રી, માહેશરી વિગેરે અપભ્રંશ રૂપો છે. તેઓ પ્રારંભમાં તો માહેશ્વર સંપ્રદાયના જ સેવકો હતા અને પોતાના માહેશ્વર સંપ્રદાયને ત્યજીને અમૂક કાળ પૂર્વે જૈનધર્મ સ્વીકાર્યો અથવા ફરી જૈન થયા. (કારણ પહેલા તેઓ જૈન જ હતા. શંકરાચાર્યના કાળમાં શૈવી બનેલ.) જૈન થયા પણ તેમની જાતિનું મુળનામ વિકૃતરૂપમાં અત્યાર સુધી અવિચલ રહી ગયું છે.

કરાડ જ્ઞાતિની વસતિની સંખ્યા ઘટતા તેમને પોતાની જ્ઞાતિમાંથી પરણાવાની મનાઈ કરવામાં આવી. અબડાસામાં વસતિ આ જ્ઞાતિના ૬૫ જ પરિવારો રહ્યા. આ જ્ઞાતિના કેટલાક પેટા વિભાગો ધ્રોળ, કુરૂવા, ખોંભડા કુટુંબોએ એ વખતની (આપણી) દશા ઓસવાલ જ્ઞાતિના આગેવાનોને તેમની જ્ઞાતિમાં સમાવી લેવા વિનંતી કરી જેના પરિણામે સને ૧૮૧૫માં દશા ઓસવાલ નાત તથા કરાડ નાત વચ્ચે કરાર થયા અને આ જ્ઞાતિની આ ત્રણે શાખાઓ દશા ઓસવાલમાં સમાઈ ગઈ. પરંતુ એમને એમનો ધર્મ પાળવાની છુટ હતી. સને ૧૯૨૫માં કરાડ જ્ઞાતિ અને આપણી જ્ઞાતિ વચ્ચે કેસ લડાયો જેમાં પાછળથી ઘરમેળે સમાધાન થયું. અને કરાડ જ્ઞાતિએ પોતાનો ધર્મ હિંદુ મહેશ્વરીનો છોડી દશા ઓસવાલોનો જૈન ધર્મ સ્વીકાર્યો.

પનપારિયા ગોત્ર મૈશેરી ગોત્રની શાખા છે. મૈશેરી જ્ઞાતિના બંધુઓ વ્યાપાર કરતા, હાટ માંડતા, ફેરી કરતા પણ ખેતી ન કરતા કારણ ખેતીને તેઓ હલકો ધંધો ગણતા. ગોધરો, નાગ્રેચા, કોટડીમાં વસતા પનપારિયા બંધુઓ ખેતી કરતા તેથી એમને હલકા ગણી એમની સાથે રોટી બેટીનો વહેવાર મૈશેરી સમાજે બંધ કર્યો. આ કરાડ બંધુઓએ આપણી જ્ઞાતિમાં આવવા અરજી કરી જે આપણે સ્વીકારી તેથી આપણામાં ભળ્યા.

વહીવંચાઓની વહીઓમાં મૈશેરી ગોત્રની વંશાવલીઓ આપેલ છે જેની વિગત આપણે જોઈશું આવતા અંકે...

– ક્રમશઃ



## શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

**Mumbai Off.:** C/o. 208, Bhaveshwar Complex, Near Railway Station, Vidhyavihar (W), Mumbai - 86.

**પ્રિય ગામવાસી ભાઈઓ તથા બહેનો, જય જિનેન્દ્ર**

માદરે વતનના શાંત, નૈસર્ગિક રમણીય વાતાવરણમાં **તીર્થ ભૂમિ દલતુંગી** ગામે પર્યુષણ પર્વની ઉજવણી કરવા સર્વે ગામવાસી, નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વનો પ્રારંભ શ્રાવણ વદ ૧૩ને મંગળવાર તા. ૩૦-૮-૨૦૧૬ થી ભાદરવા સુદ ૬ને બુધવાર તા. ૭-૯-૨૦૧૬ સુધી ધર્મની આરાધના કરવા સર્વે ગામવાસી-નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. પર્યુષણ દરમિયાન સાધર્મિક ભક્તિ સંઘ તરફથી સોમવાર તા. ૨૯-૮-૨૦૧૬ (સાંજ) થી બુધવાર તા. ૭-૯-૨૦૧૬ (બપોર સુધી) રાખવામાં આવેલ છે. પર્યુષણ દરમિયાન આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી દરવર્ષની જેમ વાંચન માટે બે બહેનો આરાધના કરાવવા પધારશે. **દરરોજ સવારના ભક્તામર સ્ત્રોતનું વાંચન તથા લકી ડ્રો કાઢી વિજેતાને ઇનામ આપવામાં આવશે.**

પર્યુષણ દરમિયાન સાધર્મિક ભક્તિનો સંપૂર્ણ દિવસનો નકરો રૂા. ૧૧૦૦૦/- રાખેલ છે. વહેલો તે પહેલાના ધોરણે નામ નોંધાવી લાભ લેવા વિનંતી. નામો શ્રી શામજીભાઈ પેથરાજ શિયાળ (મો. **07567140940**)ને લખાવવા વિનંતી.

**નોંધ :** ૧૧૩મી ધ્વજા મહોત્સવમાં સ્થાનિકે આ વર્ષે આશરે ૨૦૦ જણની હાજરી હતી અને સંપૂર્ણ પ્રસંગ ખૂબજ ધામધુમથી અને ભક્તિભાવથી ઉજવાયો. સર્વે ગામવાસીઓને નમ્ર વિનંતી વધારેમાં વધારે સંખ્યામાં પધારી પર્યુષણ મહાપર્વની ઉજવણી ખૂબજ ધામધુમથી માણીએ અને યાદગાર પ્રસંગ બની રહે એજ અભ્યર્થના.

આપ સૌ ગામવાસીઓને જણાવતા હર્ષ થાય છે કે મહાજનવાડીનું કામ પુર જોશમાં ચાલુ છે અને આપ સૌના આશીર્વાદથી આવતા વર્ષે પર્યુષણ મહાપર્વ આપણે સૌ મહાજનવાડીમાં ઉજવીશું.

**તો ચાલો માદરે વતન દલતુંગી સહકુટુંબ, સહપરિવાર પધારી પર્યુષણ મહાપર્વની ઉજવણીને યાદગાર બનાવીએ.**

**શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી,**

**સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર !**

**પર્યુષણ ફંડમાં દરેક ગામવાસી પરિવારે યથાશક્તિ ફાળો નોંધાવવા વિનંતી.**

## જૂની અંક ગણતરી સાચી પડે તો આ વર્ષે કચ્છમાં ભારે વરસાદ

ચોમાસાના વરતારા અંગે આપણા પૂર્વજો દ્વારા અનેક અનુમાન કરવામાં આવતા, એ મુજબ એક જૂની ડાયરીમાંથી પ્રાપ્ત થયેલ વિક્રમ સવંતના આંકડાના ગુણાકાર-ભાગાકાર-વત્તા-શેષ ઉપરથી કરવામાં આવેલું અનુમાન રસપ્રદ છે. આ કોઈ દાવો નથી પરતું રસ ધરાવનારાઓને ગમશે એવા ઉદ્દેશથી અહીં વિગત મૂકી છે.

૧૯૯૬નો દુષ્કાળ, વિ. સં. ૨૦૨૨નો સુકાળના વરસાદનો વર્તારો આંકડાના ગણિત આધારિત સાચા ઠર્યાની સાક્ષી પૂરે છે. તેમ ચાલુ વર્ષ વિ. સં. ૨૦૭૨ મુજબની ગણિતનું અનુમાન સાચું થાય તો આગામી ચોમાસું ધોધમાર ને લીલો દુકાળની સ્થિતિ સર્જાય તેવું હોવાનું અનુમાન છે.

### ચોપાઈ

ચોમાસાનું કરું અનુમાન, જરા આપજો મુજ પર ધ્યાન, સંવતના છેલ્લા બે આંક લઈ, તેને ત્રણથી ગણવા સઈ, ગણતાં જે કંઈ અંક જણાય, તેમાં ૨૦ ઉમેરો થાય, વધતા સાથે ભાગો ભાઈ, વરસારો રહેશે જણાઈ.

### અનુમાન

શેષ રહે જો બેનો આંક સુકાળિયું તે વરસ નિઃશંક બહુ ઉત્તમ વરસે વરસાદ, જાય વરસ નક્કી આબાદ. શેષ વધે જો ત્રણનો થાય તો ચોમાસુ મધ્યમ થાય, પાંચ વધે તો પડશે ફાળ, ધોધમાર ને લીલો દુકાળ, છ વધતાં બસ રાખો આશ, વરસે બહુ મોડો વરસાદ, એક વધે અથવા તો ચાર દુકાળ અડધો નક્કી ધાર, પછી... મીંડી પર બેઠો કાળ, તો તો ખરો દુકાળ.

ચાલુ વિ. સં. ની ગણિત : વિ.સં. ૨૦૭૨ = ૭૨ × ૩ = ૨૧૬ + ૨૦ = ૨૩૬/૨૩૧ ÷ ૭, શેષ વધ્યા = ૫.

**પાંચ વધે તો પડશે ફાળ, ધોધમાર ને લીલો દુકાળ.**

**– છગનલાલ ઠક્કર**


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676



**આચરીસ બેંક્વેટ એ.સી. હૉલ**

**Iris Banquette**



Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION


• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ – સેમિનાર

બધા શુભપ્રસંગો માટે આદર્શ

**Contact: Arvind Dand (Bayath) - 9892036390**
**Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758**
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.

આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો


## શ્રધ્ધાંજલિ



જન્મ : ૧૯-૦૨-૧૯૭૫

સ્વર્ગવાસ : ૨૧-૦૫-૨૦૧૬

**સ્વ. શ્રી વિપુલભાઈ નવીનચંદ વિસનજી મોમાયા**

વરાડીયા – મુલુંડ

મુખે સદા તમને દીઠા મલકતાં,
અને હૈયે ભરી સહજ વિનમ્રતા...
પ્રાર્થે ચિંતામણિને મહાજન વરાડીયા,
રહે ચીર શાંતિ આપના આતમમાં !

લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા
શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### મોટી સિંધોડીમાં પર્યુષણ આરાધના

મોટી સિંધોડી ગામે પર્યુષણ પર્વ નિમિત્તે સંઘ તરફથી સોમવાર તા. ૨૯-૮-૨૦૧૬ (સાંજ)થી બુધવાર, તા. ૭-૯-૨૦૧૬ (બપોર સુધી) સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે.

પર્યુષણ દરમિયાન આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી દરવર્ષની જેમ વાંચન માટે બે બહેનો આરાધના કરાવવા પધારશે.

ફાળો નોંધાવવા સંપર્ક : હેમાંગ લોડાયા - 09920696896

### વાછરાદાદાની ધ્વજા

પરજાઉ ગામે વાછરાદાદાની પ્રથમ ધજા મહોત્સવ તા. ૧૭/૫/૨૦૧૬ના ઉજવવામાં આવેલ. ગામના જૈન-જૈનેતર સારી સંખ્યામાં પધારેલ.

વડસર / સુખપર ગામે વાછરાદાદા / જખદાદાની પ્રથમ ધ્વજા મહોત્સવ ઉજવાયો. સુખપર ગામના મુંબઈથી સારી સંખ્યામાં હાજર રહેલ.

### સાંધવ ગામે પર્યુષણ

સાંધવ ગામે ચાર્તુમાસ પ્રવેશની ટીકીટો તા. ૧૪/૭/૨૦૧૬, તા. ૧૫/૭/૨૦૧૬ સયાજી ટ્રેનમાં આવેલ છે.

પર્વ દરમિયાન પર્યુષણ કરવા ૧૦૦ થી વધુ આરાધકોની ટિકિટો આવી ગયેલ છે. હજી કોઈની ઈચ્છા હોય તે જણાવશો. **સંપર્ક : ગોવિંદજી પટેલ - ૦૯૮૨૦૫ ૪૦૯૪૯**

### સાંધવ ગામે વાવોનું નવીનીકરણ

સાંધવ ગામે નદી પામાંની જુની શેઠીયાની વાવ અને જખૌવાળી વાવનું નૂતનીકરણ પૂર્ણતાને આરે છે. હાલમાં સ્મશાન ભૂમિનું પણ નૂતનીકરણ શરૂ કરાયું છે.

### વરાડીયા જ્ઞાતિ મહાજન તથા મહિલા મંચનો સ્નેહમિલન - વાર્ષિકોત્સવ

તા. ૨૨/૬/૨૦૧૬ના મુલતવી રહેલ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા સ્નેહમિલન તથા શ્રી વરાડીયા જૈન મહિલા મંચનો ૧૦મો વાર્ષિકોત્સવ હવે રવીવાર, તા. ૨૬-૦૬-૨૦૧૬ના બપોરના ૨.૩૦ ક. થી શ્રી જૈનમ હૉલ, ભાંડુપ (વેસ્ટ) મધ્યે યોજાશે.

કાર્યક્રમ દરમ્યાન દાંડીયા રાસ ગરબાની મોજ હશે. વરાડીયા નિવાસી સાધર્મિક ભાઈ-બહેનોને સપરિવાર તથા પરિણિત નિયાણી બેનોને સજોડે આમંત્રણ અપાયેલ છે. સાંજે ચોવિહારની વ્યવસ્થા સહીત પ્રીતિ ભોજનનું આયોજન છે.

### રંગપુર નગરે ધ્વજારોહણ મહોત્સવ

રંગપુર નગરે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે ૨૭મી ધ્વજારોહણનો કાર્યક્રમ તા. ૧૬-૫ થી તા. ૧૭-૫-૨૦૧૬ દરમ્યાન ઉમંગથી ઉજવાયો.

સોમવાર તા. ૧૬-૫ ના અઢાર અભિષેકનો કાર્યક્રમ શ્રી શાંતિલાલ ટોકરશી લાપસીયા રંગપુર-ઘાટકોપરના માર્ગદર્શન હેઠળ વિધિ વિધાન પૂર્વક ઉજવાયો.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.


### બીલની ચૂકવણી સમયસર કરો

**વારંવારની વિનંતી છતાં કેટલાક લોકો બીલની ચૂકવણીની બાબતને ગંભીરતાથી લેતા નથી. એ ધ્યાનમાં લઈ નિયમ લાગુ કરવામાં આવ્યો છે કે જે સંસ્થા/વ્યક્તિ/મહાજનની જાહેરાતના બીલની ચૂકવણી બે મહીનામાં નહીં થઈ હોય તેમની આગામી જાહેરાત પ્રકાશિત કરવા પહેલાં બીલ-બાકી તથા આગામી જાહેરાતની રકમ ભેગી ચૂકવવાની રહેશે.**

ધ્વજારોહણ : મંગળવાર તા. ૧૭-૫-૨૦૧૬ના સવારના સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. વિધિકાર હતા શ્રી શાંતિલાલ ટોકરશી લાપસીયા અને સંગીતકાર હતા શ્રી વિક્રમભાઈ - જામનગરવાળા.

મુખ્ય ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન ભાઈચંદ ધરમશી રંગપુર-ડોંબીવલી હતા. આવતા વર્ષ ૨૦૧૭ની મુખ્ય ધ્વજાના લાભાર્થી તરીકે પરિવાર માતુશ્રી કસ્તુરબેન જેઠાલાલ નથુભાઈ નાગડા, હ. ચંદ્રેશ-રંગપુર, મુલુંડનું નામ જાહેર થયું.

### શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

વડાલા નગરે બે માસથી બેયાસણે વર્ષિતપના પારણા ભક્તિ ભાવપૂર્વક ચાલુ છે. પચીસ ગામના ૨૨૫ તપસ્વીઓ વડાલા આંગણે સુખઃ શાંતામા તપસ્યા કરી રહ્યા છે.

### કોચીન જૈન સંઘ દ્વારા દુષ્કાળ નિમિત્તે પશુઓને ચારો

શ્રી કોચીન શ્વે. મૂ. પૂ. જૈન સંઘે મુનિશ્રી ધર્મશેખર મ.સા. ની હાકલ ઝીલી લઈને દુકાળગ્રસ્ત વિસ્તારોના પશુઓ માટે લીલો ચારો મોકલવાની વ્યવસ્થા કરી છે. પુજ્યશ્રીએ વરસીતપના પારણા અને નવકાર શક્તિપીઠની સ્થાપના પ્રસંગે કરેલા આહ્વાનને પ્રતિસાદ આપતા જીવદયા પ્રેમીઓએ આ માટે સારી એવી રકમ જમા કરાવી હતી.

### સાંયરા

સાંયરામાં તા. ૯-૪-૨૦૧૬ના શ્રી કમલેશભાઈ શીવજી ખીમજી લાપસીયા ગામ સાંયરાવાલા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ.

તા. ૧૧-૪-૨૦૧૬ના ગંગાબાઈ લીલાધર મોમાયા હસ્તે વિજયભાઈ તરફથી સાંયરામાં છાશ કેન્દ્ર શરૂ થયેલ છે જેનું સંચાલન દીપકભાઈ તથા ટી.એમ. ગોસર કરે છે.

તા. ૧૭-૪-૨૦૧૬ મોમાયા માતાજીની પેડી નિમિત્તે બપોરના સ્વામી વાત્સલ્ય જમણ થયેલ. જેના દાતા માતુશ્રી લખમીબાઈ રતીલાલ ખીમજી મોમાયા હતા.

તા. ૧૯-૪-૨૦૧૬ના મહાવીર જન્મ કલ્યાણક પ.પૂ. આચાર્યશ્રી દીક્ષા દાનેશ્વરી શ્રીમદ ગુણરત્ન સુરીશ્વર સમુદાયના પ્રશિષ્ય મુનીશ્રી સુવ્રતરત્ન વિજયજી મ.સા.ની નિશ્રામાં જોરદાર રથ યાત્રા નીકળી હતી જેમાં રતીલાલભાઈ તથા પ્રેમચંદભાઈએ પખાવાજની રમઝટ જમાવી હતી. માતુશ્રી ભચીબાઈ પદમશી ખીંયશી લોડાયા તથા માતુશ્રી સોનબાઈ ખેતશી પટેલ હસ્તે શ્રીમતી જયાબેન શાંતીલાલ પદમશી લોડાયા તરફથી બપોરના સાધર્મિક ભક્તિ સ્વામી વાત્સલ્ય જમણ થયેલ.

તા. ૨૧-૪-૨૦૧૬ના શ્રી સાંયરા સંઘ તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ.

આયબિલની ઓળી ભાગ્યશાળી માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા પરિવાર હસ્તે શ્રીમતી જયાબેન શાંતીલાલ લોડાયા તરફથી કરવામાં આવેલ. મુનીશ્રી સુવ્રતરત્ન વિજયજી મ.સા.ની નિશ્રામાં આયંબિલની ઓળી થયેલ.

તા. ૨૨-૪-૨૦૧૬ના માતુશ્રી દમયંતીબાઈ દામજી નરશી મોમાયા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ.

## પાસ થયા અભિનંદન



**કુ. હિમાની દીપક વોરા**
રંગપુર - અંધેરી
H.S.C. કૉમર્સમાં **92%**



**કુ. દિશા શરદ મેઘજી મૈશેરી**
જખૌ - બેલ્લારી
11th Std. માં **95.3%**
(સાયન્સ) (P.U.C. I Year)



**આદિત્ય રાજેશ ધરમશી**
બેંગલોર
P.U.C. (Computer Science)
માં **81.17%**

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર ઍન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

અગાઉ સાંધવ અને હવે સુથરી તેમજ મંજલના ધાર્મિક ઉત્સવોમાં જ્ઞાતિજનો વતન સાથેના નાતાને જીવંત રાખવા જે જહેમત લેવાય તે માટે આયોજકો સાથે સહભાગી થનારાઓની અનુમોદના.
- ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કમલેશ કાંતીલાલ સાંયા**<br>(PS 900) | ૨૦૨, ૧જ ભુવન, નવરોજી લેન, પરમકેશવ બાગ પાસે, ઘાટકોપર (વેસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૮૬. મો.: ૯૮૨૦૬ ૮૫૬૩૩ |
| **શૈલેષ આર શાહ (મૈશેરી)**<br>(PS 841) | ૪૦૩, સુંદરમ બિલ્ડીંગ, સત્યમ શૉપિંગ સેન્ટર પાસે, એમ. જી. રોડ,<br>ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. ફોનઃ ૨૫૦૧૯૭૨૪ મો. ૯૮૨૦૦૬૯૭૨૪ |
| **મહેન્દ્ર આર. મૈશેરી**<br>(PS 3011) | એ ૧૦૨, શ્રી સાંઈરાજ પાર્ક, મઢવી બંગલો પાસે, રાજાજી પથ રોડ,<br>ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. |
| **ઝવેર એમ. લાલકા**<br>(PS 5423) | ૨૦૧, એપીરોઝ-૨, પરીમલ ગાર્ડન પાસે, સેંટ્રલ મૉલ પાછળ, આંબાવાડી,<br>અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ફોનઃ ૦૭૯-૨૬૪૪૫૫૪, મો.: ૯૩૯૩૯૪૩૧૧૦ |
| **જીગ્નેશ એમ. ખોના**<br>(PS 168) | ૧૦૧, ૧લે માળે, લોટસ બી વિંગ, એએનડી અગાસન કોમ્પ્લેક્સ,<br>અગાસન રેલ્વે ફાટક પાસે, દિવા (ઈસ્ટ)-૪૦૦ ૬૧૨, થાણે. મો.: ૯૫૯૪૬૮૪૨૮૨ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૩-૧૬ | દાવણગિરી | નીલ, હીરલ હર્ષદ શીરીષકુમાર લોડાયા | નલીયા | પુત્ર |
| ૨૪-૦૫-૧૬ | કાંદિવલી | ધ્યાન, તૃપ્તી વરૂણ રમેશચંદ્ર દંડ | લાલા | પુત્ર |
| ૦૨-૦૬-૧૬ | થાણા | કિયાન, ચાંદની મીખીલ જીવરાજ લોડાયા | મોટી ખાવડી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૦૫-૧૬ | મલકાપુર | કુણાલ જયકાંત ઉમરશી દંડ | લાલા | ૨૭ |
| | સોલાપુર | કાજલ ઉમેશ મણીલાલ લોડાયા | કોઠારા | ૨૩ |
| ૩૧-૦૫-૧૬ | ઘાટકોપર | હાર્દિક ધર્મેશ દામજી મૈશેરી | નાની સિંધોડી | ૨૩ |
| | હૈદ્રાબાદ | સુરભિ કિરણ સોમચંદ લોડાયા | નલીયા | ૨૨ |
| ૦૧-૦૬-૧૬ | અંકલેશ્વર | મિતેશ નવિનચંદ્ર લક્ષ્મીચંદ લોડાયા | લાલા | ૨૯ |
| | લાતુર | સોનલ નરેન્દ્ર લાલજી | લાખણીયા | ૨૯ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૫-૧૬ | ચેમ્બુર | જેનીલ ગીરીશ રામજી ગોગરી | ટુન્ડા | ૨૪ |
| | મુલુંડ | ગ્રેહા રાજેન્દ્ર લક્ષ્મીચંદ લોડાયા | સુથરી | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૫-૧૬ | અમદાવાદ | શાંતીલાલ વિસનજી લોડાયા | વારાપધર | ૮૨ |
| ૨૭-૦૫-૧૬ | વાશી | વિજય જેઠાભાઈ મોતા | રાયધણજર | ૭૬ |
| ૩૦-૦૫-૧૬ | જામનગર | એકતા (ગુડ્ડી) જસમુખ પોપટલાલ દંડ | નાની ખાવડી | ૧૯ |
| ૩૦-૦૫-૧૬ | દેવલાલી | જયાબેન (ઝવેરી) કસ્તુરચંદ વેલજી લોડાયા | સાંયરા | ૭૩ |
| ૦૩-૦૬-૧૬ | ઈન્દોર | જેઠાલાલ દેવજી ધરમશી | નાની સિંધોડી | ૯૦ |
| ૦૪-૦૬-૧૬ | ચેમ્બુર | જયાબેન મૂલજી માણેકજી લોડાયા | સાંધવ | ૭૭ |
| ૦૪-૦૬-૧૬ | કલવા | મણીલાલ વીશનજી મણસી લોડાયા | સાંયરા | ૬૮ |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# In Loving Memory Of

## Late Mrs. Anita Khushal Khona



(14-08-1958 to 15-06-2015)

*Those we love don't go away,*
*They walk besides us every day.*
*Unseen, unheard, but always near.*
*Still loved, still missed, and very dear.*

From :

**Mr. Khushal J. Khona** (Husband) (Kothara – Dombivli)

Cell No.: 098196 53811

**Dr. (Miss) Dolly K. Khona** & **Miss Minal K. Khona** (Daughters)

**Near & Dear ones...**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# હાર્દિક અભિનંદન




૧૯૯૧ થી ૨૦૧૬

૨૫મી લગ્ન રજત જયંતી



## અ.સૌ. ચેતના-પ્રવિણ કુંવરજી મોતા

ગામ-સાંધવ (ડોંબિવલી)

પ્રીત, પીયુ અને પાનેતરના સથવારે ગુંથાયેલી લગ્નજીવનની રેશમની ગાંઠ
રજત જયંતીના ૨૫માં વર્ષની પૂર્ણાહુતિ તરફ જઈ રહી છે.
સુખદ લગ્નજીવનની ૨૫મી વર્ષગાંઠે આપનું જીવન
વસંત પૂર્ણિમા ના ચંદ્રમાં ની જેમ સોળે કળાએ ખીલી ઉઠે
એવી મનોભાવના. આજની ધન્ય ક્ષણે આપ પ્રસન્ન દાંપત્ય જીવનના
૨૫ વર્ષ નો ઉત્સાહ અને આનંદ માણી રહ્યા છો.
સુખ શાંતી, સંતોષ અને ધર્મ આરાધના સાથે લગ્નની જીવનયાત્રા
સુવર્ણ જયંતી તરફ ઉત્કૃષ્ટ પ્રયાણ કરે એવી મનોકામના.

આપની સંસાર વાટીકાના પુષ્પો તેજસ અને શ્રેયા

❖ શુભાશિષ ❖

માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા પરિવાર - સાંધવ કચ્છ
માતુશ્રી ભચીબાઈ જવેરચંદ લોડાયા પરિવાર - કોઠારા કચ્છ

# હાર્દિક અભિનંદન



ચિ. મીત ભાવના કલ્પેશ ધરમશી
જખૌ - ડોંબીવલી



ચિ. મીત NATIONAL INSTITUTE OF TECHNOLOGY (SURAT)થી
B.TECH (C.G.P.A.) ની ડીગ્રી First Classમાં મેળવી ઉતીર્ણ થયેલ છે.
તેની આ જ્વલંત સિદ્ધિ બદલ **હાર્દિક અભિનંદન.**

સફળતા ચમકે સદા તારા મસ્તકે, એ છે અમ દિલના અરમાન,
થાય મસ્તક અમારું ગૌરવથી ઉંચું જ્યારે લે કોઈ તારું નામ,
સિધ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય,
જ્ઞાનની ગંગા, પ્રેમની યમુના, સંસ્કારની સરસ્વતિ વરસતી રહે તારા ઉપર સદાય.
જીવનમાં પ્રગતિના દરેક સોપાન પાર પાડે એજ અમારા અંતરની શુભેચ્છા.
સાથેજ વડીલોના આશીર્વાદ સંગાથે ખૂબ ખૂબ સફળતાને વરે અને
ધરમશી તથા સાયલા પરિવારનું નામ રોશન કરે
તેં પાર પાડી ઊંચી ઉડાન, વધારી અમારા સહુની શાન

❖ આશીર્વાદ અને શુભેચ્છા ❖

| | | |
|---|---|---|
| માતા-પિતા | : અ.સૌ. ભાવના કલ્પેશ ધરમશી | જખૌ - ડોંબીવલી |
| દાદાણા | : હંસરાજ ધારશી ધરમશી | જખૌ |
| નાનાણા | : શા. સરલા લખમશી ચત્રભુજ સાયલા પરિવાર | તેરા - ઘાટકોપર |
| મામી-મામા | : અ.સૌ. ડિમ્પલ ગિતેન સાયલા | |
| માસી-માસા | : અ.સૌ. હેતલ રાજેશ ધરમશી | સુથરી - મુલુંડ |
| માસી-માસા | : અ.સૌ. અલ્પા નિતિન ખોના | તેરા - ઘાટકોપર |
| ભાઈ-બહેન | : ચી. ખુશી, પ્રિશા, પર્વ, નક્ષ | |

તથા સમસ્ત સાયલા પરિવાર

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,